#088

😎 Skill vs Humility 😊

નમ્રતા એ ખરા પ્રોફેશનલની ઓળખ છે

સાચો પ્રોફેશનલ માત્ર પોતાની સ્કિલથી નહીં, પણ પોતાની નમ્રતા થી ઓળખાય છે.

આપણને કેટલી પણ સફળતા મળી હોય, કેટલું પણ જ્ઞાન હોય… પણ જો આપણા વર્તનમાં અહંકાર આવી ગયો, તો લોકો સહન તો કરશે, પરંતુ સન્માન નહીં આપે.
અને જ્યાં સન્માન નથી, ત્યાં સાચી સફળતા પણ નથી.

નમ્રતા શું છે?
પોતાના કામમાં નિપુણ હોવા છતાં “હું બધું જાણું છું” એવું ના માનવું તે. દરેક પાસેથી કંઈક શીખવાની તૈયારી રાખવી.
ભૂલ થાય તો સ્વીકારી લેવી અને સુધારવાની હિંમત રાખવી.

મિત્રો યાદ રાખીએ..
વૃક્ષ જેટલું ફળથી ભરેલું હોય, એટલું જ નમ્ર બનીને ઝૂકે છે.

એટલે એક સંકલ્પ કરીએ:
“હું દરેક સાથે સન્માનથી વાત કરીશ, અને દરેક દિવસ કંઈક નવું શીખીશ.”

કારણ કે અંતે…
Skills આપણને કામ અપાવે છે,
પણ નમ્રતા લોકોના હૃદયમાં જગ્યા અપાવે છે.